RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-05
May-2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# બાળમજૂરોમાં શિક્ષણ એક અભ્યાસ

Dr. N R Shah

*Asst.Professor, Dept. of Economics, Saurashtra University, Rajkot-360005 (India)*
(Author's correspondence email: navinrshah14@yahoo.com)

વિશ્વના દરેક ખૂણે લોકો એ વાત વધારેને વધારે સમજતા જાય છે કે બાળકોનો ઉછેર પ્રેમ અને લાગણીભર્યા વાતાવરણમાં અને માતા–પિતાની કાળજી અને દેખરેખ હેઠળ થવો જોઈએ કે જેથી તેઓ સંપૂર્ણ સંવેદનાત્મક, બૌદ્ધિક અને આધ્યાત્મિક પરિપકવતા અને સ્થિરતા પ્રાપ્ત કરી શકે અને સ્થિરતા પ્રાપ્ત કરી શકે અને એ વાતની સમજદારી સાથે આત્મવિશ્વાસ અને સ્વમાન તેમજ જીવનની સમતોલ દષ્ટિ કેળવે કે રાષ્ટ્ર ઘડતરની પ્રક્રિયામાં તેમની શું ભૂમિકા છે અને જેના વિના રાષ્ટ્ર વિકસી અને પરિપૂર્ણ રીતે આબાદ થઈ શકે નહીં કારણ કે તે પરિસ્થિતિમાં સમાજનો એક મોટો હિસ્સો વિકાસની પ્રક્રિયામાંથી દૂર ફેંકાઈ જશે.

ભારતના એક વખતના ન્યાયમૂર્તિ શ્રી પ્રફુલ્લ ન. ભગવતીએ ૧૯૮૪માં એક ચુકાદામાં કહ્યું હતું કે "બાળકને પણ શરીર, આત્મા, સ્વભાવ અને પોતાની આગવી શક્તિઓ છે તેને તેની શક્તિઓથી સભાન બનવા, પુખ્તતા સુખી સંપૂર્ણ વિકાસ સાધવા, પોતાની શારીરિક અને બૌદ્ધિક શક્તિઓ પરિપૂર્ણ રીતે વિકસાવવા અને તેની સંવેદનાઓ, વિચાર–શક્તિ તેમજ આધ્યાત્મિક ભાવનાઓનો બધાં પરિણામોને આવરી લેતો વિકાસ થઈ શકે તે માટે તેને મદદ કરવી જોઈએ, તે વિના રાષ્ટ્રનો તંદુરસ્ત વિકાસ શકય નથી. તેથી દેખીતી રીતે તેમની કુમળી વય અને બાંધો, માનસિક અપરિપકવતા અને પોતાની જાતની પોતે જ સંભાળ લેવાની અશક્તિને લીધે તેમને ખાસ રક્ષણની જરૂર રહે છે. પ્રત્યેક બાળક એ સમાજની અમૂલ્ય માનવસંપત્તિ છે. આથી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓના વિકાસ માટે જરૂરી અને અનુકૂળ વાતાવરણ અને તકો પૂરી પાડવા એવી પ્રત્યેક સમાજ પાસે અપેક્ષા રાખવામાં આવે છે. બાળકે તેના બાલ્યકાળમાં પૈસા કે રોટી કમાનાર વ્યક્તિ તરીકે ભૂમિકા ભજવવાની નથી હોતી. એ ભૂમિકા પુખ્ત ઉંમરના માણસોની છે. બાલ્યકાળનાં વર્ષોમાં દરેક બાળકે ભણતર મેળવવાની તથા પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની ભૂમિકા ભજવવાની હોય છે. વિવિધ યુગમાં બાળકની આ ભૂમિકા સમાજના સતત્ય તથા સભ્યતાના વિકાસ સાથે સંબંધ ધરાવે છે. સમાજની ભાવિ સમૃદ્ધિ બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓના વિકાસ પર નિર્ભર છે. આધુનિક સમાજમાં માનવ સંસાધન વિકાસ પર ખુબ જ ભાર મૂકાવવા લાગ્યો છે. હકીકતમાં આ ખ્યાલ મૂળભૂત રીતે બાળવિકાસ સાથે સંકળાયેલો છે. આ કારણથી બાળકના સર્વાંગી–સમતોલ, શારીરિક, માનસિક, બૌદ્ધિક અને શૈક્ષણિક વિકાસને આવશ્યક માનવામાં આવે છે

**બાળમજૂરીનો અર્થ :**

ભારતના બંધારણે જે શિક્ષણની ફરજિયાત જોગવાઈ કરી છે. તેની સાથે સુસંગત રહીને, જણાવી શકાય કે ૧૪ વર્ષની ઉંમર સુધી બાળકોને મજૂરી કરવાની ફરજ પાડવી ન જોઈએ. જે કોઈ બાળક ચૌદ વર્ષથી નીચેની ઉંમરે કામ કરતો હોય તે બાળ મજૂર ગણાય.

બાળમજૂર અને બાળમજૂરી એ બંને ખ્યાલો પરસ્પર સંકળાયેલા છે. ઉંમરના આધારે બાળમજુરોનજે પુખ્તવયી મજૂરથી ભિન્ન પાડવામાં આવે છે. મુસ્તફા અને શર્મા બાળમજૂરનો અર્થ આપતા જણાવે છે કે સામાન્ય રીતે ૧–૧૫ વર્ષથી ઓછી ઉંમરની વ્યકિત કુટુંબની અંદર કે બહાર કોઈ ઉત્પાદક પ્રવૃત્તિમાં સવેતનીય કે અવેતનીય કામ કરતી હોય ત્યારે તેવી વ્યકિત ને બાળમજૂર કહેવાય. બાળમજૂરોને પુખ્તવયી મજૂરથી ઉંમરની દષ્ટિએ ભિન્ન પાડવામાં આવે છે. સામાન્ય રીતે બાળમજૂર એ ૧૪ કે ૧૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતી એવી વ્યકિત (છોકરો અગર છોકરી) છે, જે કુટુંબમાં કે કુટુંબ બહાર સવેતનીય કે અવેતનીય ઉત્પાદક પ્રવૃત્તિમાં જોડાયેલી હોય છે. મુસ્તફાની આ વ્યાખ્યાના સંદર્ભમાં એ સ્પષ્ઠતા કરવી જરૂરી છે કે ૧૪–૧૫ વય સુધીની ઉંમરવાળા આ બાળકો શાળાએ જતા હોય અને ઘરની અંદર જ ચાલતી વ્યાવસાયિક કે આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલા હોય તો ભલે તેઓને તેમના કામ બદલ કોઈ વેતન મળતું નથી, છતાં તેઓ પોતાની ભણવાની પ્રવૃત્તિ છોડીને ઘરમાં જ આર્થિક પ્રવૃત્તિ કરતાં હોવાથી તેમને બાળમજૂરો કહી શકાય.

➢ **સંશોધન પદ્ધતિ:**

આ અભ્યાસ માટે અનેક પ્રકારના આંકડાઓ અને વિગતોની જરૂર પડે છે. બાળમજૂરી કરાવવી એ ગેરકાયદેસર છે. જેથી ગૌણ માહિતી સરકારી કચેરીઓ કે અન્ય સંસ્થાઓમાં સંપૂર્ણપણે મળવી મુશ્કેલ છે. જેથી આ સંશોધન માટે પ્રાથમિક માહિતી ખૂબ જ અગત્યની છે. અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં અસંગઠિત વિભાગમાં કામ કરતા બાળમજૂરોનો આર્થિક તેમજ સામાજિક અભ્યાસ કરવા માટે ગૌણ માહિતી, સમાચારપત્રો, સામાયિક અને થયેલ સંશોધનના આધારે માહિતી એકઠી કરી અમદાવાદ શહેરના આઠ વિસ્તારોના ૨૫૦

© RRIJM 2015, All Rights Reserved

બાળમજૂરોનો અભ્યાસ કરવા પ્રશ્નાવલી તૈયાર કરી પ્રાથમિક માહિતી એકઠી કરીને સંશોધન કરેલ છે. આ સંશોધન પેપર અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં અસંગઠિત વિભાગમાં કામ કરતા બાળમજૂરોનો આર્થિક તેમજ સામાજિક અભ્યાસ-અંગેના મારા મહાશોધ નિબંધમાથી એકમ અભ્યાસ દ્વારા બાળમજૂરોમાં શિક્ષણ અંગે મેળવેલ માહિતીને આધારે રજુ કરવામા આવ્યો છે.

**બાળકામદારોમાં શિક્ષણનું પ્રમાણ :**

શિક્ષણ કોઈપણ વ્યકિતના વિકાસનો પાયો છે. વ્યકિતત્વ વિકાસના ઘડતરમાં શિક્ષણરૂપી પાયો મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળપણમાં બાળકો શાળામાં કે રમતના મેદાનમાં હોઈ તે સાહજિક છે અને અનુસંધાનમાં શિક્ષણના મહત્ત્વના સંદર્ભમાં સરકારે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવાના અનેક પગલા લીધા છે. જેના લીધે ભારતમાં ૧૪ વર્ષથી નીચેની વયજૂથના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધવું જોઈએ. આમ છતાં કળવી વાસ્તવિકતા એ છે કે ઘણા બધા બાળકો શાળામાં જવાના બદલે તનતોડ મહેનત કરતા નજરે પડે છે. જે તેમના બાળપણના વિકાસથી લઈ સમગ્ર વ્યકિતત્વ વિકાસમાં અડચણરૂપ બને છે. આ અભ્યાસમાં ઉત્તરદાતા બાળ કામદારોમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તેની માહિતી પણ મેળવવામાં આવી છે તે નીચે પ્રમાણે છે.

કોષ્ટક નં.—૧

ઉત્તરદાતા બાળકામદારોમાં શિક્ષણના પ્રમાણ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક

| વિગત | અભણ | પ્રર્વપ્રાથમિક | પ્રાથમિક | માધ્યમિક | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| ગેરેજમાં કામ કરનાર | ૭ (૨.૮) | ૫ (૨) | ૩ (૧.૨) | ૧૦ (૪) | ૨૫ | ૧૦ |
| અગબત્તી વણનાર | ૧ (૦.૪) | ૮ (૩.૨) | ૨૭ (૧૦.૮) | ૧૪ (૫.૬) | ૫૦ | ૨૦ |
| બૂટ પોલીસ કરનારા | ૩ (૧.૨) | ૮ (૩.૨) | ૩૪ (૧૩.૬) | ૫ (૨) | ૫૦ | ૨૦ |
| ભરતગૂંથણ કરનાર | ૫ (૨) | ૩ (૧.૨) | ૫ (૨) | ૧૨ (૪.૮) | ૨૫ | ૧૦ |
| કચરો વિણનાર | ૫ (૨) | ૧૨ (૪.૮) | ૩૦ (૧૨) | ૩ (૧.૨) | ૫૦ | ૨૦ |
| ચા કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરનાર | ૨૩ (૯.૨) | ૯ (૩.૬) | ૮ (૩.૨) | ૧૦ (૪) | ૫૦ | ૨૦ |
| કુલ | ૪૪ | ૪૫ | ૧૦૭ | ૫૪ | ૨૫૦ | ૧૦૦ |
| ટકા | ૧૭.૬ | ૧૮ | ૪૨.૮ | ૨૧.૬ | ૧૦૦ | — |

કોષ્ટક નં. ૧ ઉત્તરદાતા બાળકામદારોમાં શિક્ષણના પ્રમાણ અંગેની વિગતો દર્શાવવામાં આવી છે. જે મુજબ કુલ ઉત્તરદાતા બાળકામદારો પૈકી અભણોનું પ્રમાણ ૧૭.૬ ટકા જેટલું જોવા મળેલ છે. આ અભણ ઉત્તરદાતા બાળકામદારો પૈકી સૌથી વધુ ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ચાની કીટલી—રેસ્ટોરન્ટમાં કામ કરતા ઉત્તરદાતા બાળકામદારોમાં જોવા મળે છે. જે મજૂરી કરવા કયા સમયે જાય છે તેની માહિતી દર્શાવે છે. જે મુજબ કોષ્ટકમાં જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતા બાળકામદારો પૈકી સૌથી વધુ ૯.૨ ટકા છે. જ્યારે સૌથી ઓછું પ્રમાણ અગરબત્તી વણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં છે જે ૦.૪ ટકા છે. જ્યારે પૂર્વ પ્રાથમિક સુધીના શિક્ષણનું પ્રમાણ કુલ ઉત્તરદાતા બાળકામદારોમાં ૧૮ ટકા જોવા મળે છે જે પૈકી સૌથી વધુ પ્રમાણ કચરો વિણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં અને સૌથી ઓછું પ્રમાણ ભરતગૂંથણનું કામ કરનારાઓમાં જોવા મળેલ છે. જે માત્ર ૧.૨ ટકા જેટલું છે. આ જ રીતે પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ કુલ ઉત્તરદાતા બાળકામદારોમાં તુલનાત્મક રીતે વધુ એટલે કે ૪૨.૮૯ ટકા જોવા મળેલ છે. જે પૈકી સૌથી વધુ પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ બૂટપોલિશ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં ૧૩.૬ ટકા જોવા મળેલ છે. જ્યારે સૌથી ઓછું પ્રમાણ ગેરેજમાં કામ કરતા ઉત્તરદાતા બાળકામદારોમાં જોવા મળેલ જે ૧.૨ ટકા છે. આજ રીતે કુલ ઉત્તરદાતા બાળકામદારો પૈકી માધ્યમિક શિક્ષણ સુધી પહોંચેલા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ૨૧.૬ ટકા છે. જેમાં સૌથી વધુ પ્રમાણ અગરબત્તી વણનારાઓમાં ૫.૬ ટકા જ્યારે સૌથી ઓછું પ્રમાણ કચરો વિણનારાઓમાં ૧.૨ ટકા છે. આમ અભ્યાસમાં જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતા બાળકામદારો પૈકી ૧૭.૬ ટકા અભણ, ૧૮ ટકા પૂર્વ પ્રાથમિક જ્યારે સૌથી વધુ એવા પ્રાથમિક શિક્ષણવાળા ૪૨.૮ ટકા અને માધ્યમિક

શિક્ષણનું પ્રમાણ ધરાવતા ૨૧.૬ ટકા ઉત્તરદાતા બાળકામદારો જોવા મળેલ છે.

કોષ્ટક નં.– ૨ ઉત્તરદાતા બાળકામદારોનો અભ્યાસ ચાલુ છે કે નહીં તેની માહિતી દર્શાવતું કોષ્ટક

| વિગત | અભ્યાસ ચાલુ છે | અભ્યાસ ચાલુ નથી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| ગેરેજમાં કામ કરનાર | ૦૨ (૦.૮) | ૨૩ (૯.૨) | ૨૫ | ૧૦ |
| અગબત્તી વણનાર | ૧૫ (૬) | ૩૫ (૧૪) | ૫૦ | ૨૦ |
| બૂટ પોલીસ કરનારા | ૩૨ (૧૨.૮) | ૧૮ (૭.૨) | ૫૦ | ૨૦ |
| ભરતગૂંથણ કરનાર | – (૨) | ૨૫ (૧૦) | ૨૫ | ૧૦ |
| કચરો વિણનાર | ૧૮ (૭.૨) | ૩૨ (૧૨.૮) | ૫૦ | ૨૦ |
| ચા કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરનાર | ૨ (૦.૮) | ૪૮ (૧૯.૨) | ૫૦ | ૨૦ |
| કુલ | ૬૯ | ૧૮૧ | ૨૫૦ | ૧૦૦ |
| ટકા | ૨૭.૬ | ૭૨.૪ | ૧૦૦ | – |

કોષ્ટક નં. ૨ ઉત્તરદાતા બાળકામદારોમાં અભ્યાસ ચાલુ છે કે નહીં તેની માહિતી દર્શાવે છે તે મુજબ કુલ ૨૫૦ ઉત્તરદાતા પૈકી ૨૭.૬ ટકા ઉત્તરદાતા બાળકામદારોનો અભ્યાસ ચાલુ છે. અભ્યાસ ચાલુ હોય તેવા વિવિધ અભ્યાસિત બાળમજૂરીના પ્રકારોમાં સૌથી વધુ પ્રમાણ બૂટપોલિશ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં છે. જે ૧૨.૮ ટકા છે. જ્યારે ભરતગૂંથણ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં અભ્યાસ ચાલુ હોવાનું પ્રમાણ શૂનય છે. જ્યારે અન્ય ઓછું પ્રમાણ ધરાવતા વિભાગોમાં ચાની કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરનારા તેમજ ગેરેજમાં કામ કરતાં ઉત્તરદાતા બાળ કામદારોમાં આ પ્રમાણ સરખું ૦.૮ ટકા છે. આ જ પ્રમાણે અભ્યાસ ચાલુ ન હોય તેવા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ૭૨.૪ ટકા જેટલું નોંધપાત્ર જોવા મળે છે. જેમાં પણ સૌથી વધુ અભ્યાસ ચાલુ ન હોય તેવા વિભાગમાં ચાની કીટલી–રેસ્ટોરન્ટમાં કામ કરતા ઉત્તરદાતા બાળમજૂરોમાં છે જે ૧૯.૨ ટકા જેટલું જોવા મળે છે. જ્યારે સૌથી ઓછું પ્રમાણ ગેરેજમાં કામ કરતાં ઉત્તરદાતા બાળકામદારોમાં છે જે ૭.૨ ટકા જોવા મળેલ છે. આમ અભ્યાસમાં સ્પષ્ટ થાય છે કે ૭૨.૪ ટકા જેટલા નોંધપાત્ર ઉત્તરદાતા બાળકામદારોમાં કામની જવાબદારી સહિતના વિવિધ કારણોસર અભ્યાસ ચાલુ નથી. જ્યારે અભ્યાસ ચાલુ હોય તેવા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ માત્ર ૨૭.૬ ટકા જેટલું નીચું છે.

કોષ્ટક નં.–૩ ઉત્તરદાતા બાળકામદારોમાં અભ્યાસ ચાલુ ન હોવાના કારણો દર્શાવતું કોષ્ટક

| વિગત | મા–બાપના દબાણથી | કામની જવાબદારીના કારણે | નાપાસ થવાથી | અભ્યાસમાં મન ચોટતું ન હોવાથી | અન્ય મિત્રોનો અભ્યાસ ચાલુ ન હોવાથી | કુલ |
|---|---|---|---|---|---|---|
| અગબત્તી વણનાર | ૧૮ (૩.૭૫) | ૧૪ (૨.૯૨) | ૮ (૧.૬૭) | ૧૧ (૨.૨૯) | ૧૫ (૩.૧૨૫) | ૬૬ (૧૩.૭૫) |
| કચરો વિણનાર | ૨૬ (૫.૪૨) | ૨૮ (૫.૮૩) | ૬ (૧.૨૫) | ૧૪ (૨.૯૨) | ૨૨ (૪.૫૮) | ૯૬ (૨૦) |
| બૂટ પોલીસ કરનારા | ૧૦ (૨.૦૮) | ૧૫ (૩.૧૨૫) | ૩ (૦.૬૨૫) | ૮ (૧.૬૭) | ૧૨ (૨.૫) | ૪૮ (૧૦) |
| ચા કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરનાર | ૩૨ (૬.૬૭) | ૨૨ (૪.૫૮) | ૧૦ | ૩૮ | ૩૦ | ૧૩૨ (૨૭.૫) |
| ભરતગૂંથણ કરનાર | ૨૦ | ૧૫ | ૧૯ | ૨૦ | ૨૦ | ૭૯ |

© RRIJM 2015, All Rights Reserved 

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | (૪.૧૭) | (૩.૧૨૫) | (૩.૯૬) | (૪.૧૭) | (૪.૧૭) | (૧૬.૪૬) |
| ગેરેજમાં કામ કરનાર | ૨૮<br>(૩.૭૫) | ૧૨<br>(૨.૫) | ૦૩<br>(૦.૬૨૫) | ૧૧<br>(૨.૨૯) | ૧૫<br>(૩.૧૨૫) | ૫૯<br>(૧૨.૨૯) |
| કુલ | ૧૨૪ | ૧૦૬ | ૩૦ | ૧૦૧ | ૧૧૪ | ૪૮૦ |
| ટકા | ૨૫.૮૩ | ૨૨.૦૮ | ૭.૨૯ | ૨૧.૦૫ | ૨૩.૭૫ | ૧૦૦ |

કોષ્ટક નં. ૩ માં ઉત્તરદાતા બાળકામદારોમાં અભ્યાસ ચાલુ ન હોવાને કારણોની માહિતી બતાવવામાં આવી છે તે મુજબ ઉત્તરદાતા બાળકામદારો પૈકી ૨૫.૮૩ ટકા ઉત્તરદાતા બાળકામદારો મા–બાપના કારણે અભ્યાસ ચાલુ ન હોવાનું જણાય છે. આ કારણના લીધે અભ્યાસિત વિવિધ વિભાગો પૈકી સૌથી વધુ પ્રમાણ ચાની કીટલી–રેસ્ટોરન્ટમાં કામ કરતા ઉત્તરદાતા બાળકામદારોમાં જોવા મળે છે. જેનું પ્રમાણ ૬.૬૭ ટકા થવા જાય છે જ્યારે આ જ કારણમાં સૌથી વધુ પ્રમાણ બૂટપોલિશ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં જોવા મળેલ જેનું પ્રમાણ ૨.૦૮ ટકા થવા જાય છે એ જ પ્રમાણ નાનપણમાં કામની જવાબદારીને કારણે અભ્યાસ ચાલુ ન હોવાનું જણાવતા બાળકામદારોનું પ્રમાણ પણ ૨૨.૦૮ ટકા જેટલું ઊંચું હતું. જેમાં સૌથી વધુ પ્રમાણ કચરો વિણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં ૫.૮૩ ટકા જોવા મળેલ અને સૌથી ઓછું પ્રમાણ ગેરેજમાં કામ કરતા ઉત્તરદાતા બાળ કામદારોમાં જોવા મળેલ. જે ૨.૫ ટકા થવા જાય છે. આ જ રીતે નાપાસ થવાના લીધે અભ્યાસ ચાલુ ન હોવાનું દર્શાવતા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ૭.૨૯ ટકા એટલે કે ઓછું હતું. જેમાં સૌથી વધુ પ્રમાણ ચાની કીટલી–રેસ્ટોરન્ટમાં કામ કરતા ઉત્તરદાતા બાળમજૂરોનું હતું. જ્યારે સૌથી ઓછું પ્રમાણ બૂટપોલિશ કરનાર તેમજ ગેરેજમાં કામ કરતા ઉત્તરદાતા બાળકામદારોમાં હતું. જે બંનેમાં એકસરખું એટલે કે ૦.૬૨૫ ટકા હતું. અભ્યાસમાં એમ પણ જણાયું હતું કે અભ્યાસમાં મન ચોટતું ન હોવાને લીધે અભ્યાસ ચાલુ ન હોવાનું કારણ જણાવતા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ૨૧.૦૫ ટકા હતું. જેમાં સૌથી વધુ કચરો વિણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં ૪.૫૮ ટકા હતું. જ્યારે સૌથી ઓછું પ્રમાણ બૂટપોલિશ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં આ પ્રમાણ ૨.૫ ટકા હતું. તે જ પ્રમાણે અન્ય મિત્રોનો અભ્યાસ ચાલુ ન હોવાને કારણે પોતાનો અભ્યાસ ચાલુ નથી તેવા ઉત્તરદાતા બાળકામદારોનું કુલ પ્રમાણ પણ ઊંચું છે જે ૨૩.૭૫ હતું. જેમાં સૌથી વધુ પ્રમાણ ચાની કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરતા ઉત્તરદાતા બાળકામદારોમાં હતું. જે ૬.૨૫ ટકા હતું. જ્યારે સૌથી ઓછું પ્રમાણ બૂટપોલિશ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં હતું. જે ૨.૫ ટકા જોવા મળેલ.

## સંદર્ભો:


1. દેશપાન્ડે આર.વાય. ભારતમાં બાળમજૂરી(કાયદાકીય જોગવાઈઓ), કેન્દ્રિય કામદાર શિક્ષણ મંડળ,૧૯૯૬

2.શાહ એ.જી. અને જે.કે. દવે, સામાજિક સમસ્યાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ

3. Mustafa & Sharma, Child Labour in India, A Bitter truth,Deep & Deep Publications, New Delhi

4.Report : National Commissions on Labour, 2002-1991-1967;

5. શાહ એ. જી. અને જે. કે. દવે, સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, અનડા પ્રકાશન, અમદાવાદ.